


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 024
Dt.: 02-10-2025, Thursday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


સપ્ટે. માં ૯.૧% ઉછાળા સાથે ૧.૮૯ લાખ કરોડ મળ્યા

# જીએસટીમાં ઘટાડો છતાં પણ સરકારને થઈ છપ્પરફાડ કમાણી

## તહેવારોની મોસમ પહેલાં જ કેન્દ્ર સરકારની તિજોરી GST વસૂલાતના રેકોર્ડબ્રેક આંકડાઓ સાથે છલકાઈ ગઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય અર્થવ્યવસ્થા માટે સપ્ટેમ્બર ૨૦૨૫ નો મહિનો અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થયો છે, જ્યાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ની વસૂલાતમાં નવો રેકોર્ડ નોંધાયો છે. નાણા મંત્રાલયના ડેટા મુજબ, સપ્ટેમ્બરમાં GST વસૂલાત ૧.૮૯ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં ૯.૧% ની નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવે છે. આ સતત ત્રીજો મહિનો છે જ્યારે GST સંગ્રહમાં મજબૂત વૃદ્ધિ જોવા મળી છે, જે ભારતીય અર્થતંત્રમાં વપરાશમાં વધારો અને વ્યાપારિક પ્રવૃત્તિમાં તેજીના સકારાત્મક સંકેત આપે છે. આ રેકોર્ડ કલેક્શન એવા સમયે આવ્યું છે જ્યારે GST કાઉન્સિલે ૧૨% અને ૨૮% ના ટેક્સ સ્લેબ નાબૂદ કરીને કર માળખાને સરળ બનાવી દીધું છે, જે ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવ્યું છે.

તહેવારોની મોસમ પહેલાં જ કેન્દ્ર સરકારની તિજોરી GST વસૂલાતના રેકોર્ડબ્રેક આંકડાઓ સાથે છલકાઈ ગઈ છે.

સપ્ટેમ્બર ૨૦૨૫ માં ૧.૮૯ લાખ કરોડની કુલ GST વસૂલાત નોંધાઈ, જે ઓગસ્ટમાં નોંધાયેલા ૧.૮૬ લાખ કરોડ અને જુલાઈના ૧.૬૮ લાખ કરોડ કરતાં પણ વધુ છે.

આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે દેશમાં કર વસૂલાત સતત ત્રણ મહિના સુધી મજબૂત રહી છે. નાણા મંત્રાલયના આંકડા મુજબ, એપ્રિલથી ઓગસ્ટ ૨૦૨૫ વચ્ચેની કુલ GST વસૂલાત ૧૦.૦૪ લાખ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળાની ૯.૧૩ લાખ કરોડની સરખામણીમાં આશરે ૯.૯% નો વધારો સૂચવે છે. આ મજબૂત કલેક્શન અર્થતંત્રમાં વધતા વપરાશ અને વ્યાપાર પ્રવૃત્તિમાં તેજીનો સીધો સંકેત છે, જેનાથી આગામી તહેવારોની મોસમમાં વધુ સારા પરિણામો મળવાની અપેક્ષા છે.

સપ્ટેમ્બર મહિનો માત્ર રેકોર્ડ વસૂલાત માટે જ નહીં, પરંતુ GST પ્રણાલીમાં થયેલા ઐતિહાસિક ફેરફારો માટે પણ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. કર માળખાને સરળ અને વધુ વ્યવસ્થિત બનાવવાના ઉદ્દેશથી, GST કાઉન્સિલે ૧૨% અને ૨૮% ના ટેક્સ સ્લેબને નાબૂદ કરવાનો મોટો નિર્ણય લીધો છે. હવે, માત્ર ૫% અને ૧૮% ના બે જ દર લાગુ થશે.

આ નિર્ણયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના રોજ લાલ કિલ્લા પરથી પોતાના ભાષણમાં જાહેરાત કર્યા બાદ મંત્રીઓની સમિતિએ સમીક્ષા કરીને ૩ અને ૪ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી બેઠકમાં મંજૂરી આપી હતી. આ નવું GST માળખું ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ અમલમાં આવ્યું છે.

આ સુધારાને ગ્રાહકો માટે દિવાળી ભેટ તરીકે જોવામાં આવે છે, કારણ કે આનાથી ઘણી રોજિંદી વસ્તુઓ અને ગ્રાહક ઉત્પાદનોના ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે. જોકે, પાન મસાલા, ગુટખા, સિગારેટ અને તમાકુ જેવા સ્વાસ્થ્ય માટે હાનિકારક ઉત્પાદનોને ઉચ્ચ ટેક્સ સ્લેબમાં જ રાખવામાં આવ્યા છે.




કેબિનેટની બેઠકમાં લેવાયા ૯ મોટા નિર્ણય

# સરકારે એમએસપીમાં વધારો કરવા માટેની જાહેરાત કરી

## દેશભરમાં ૫૭ નવી કેન્દ્રીય વિદ્યાલયો ખોલાશેઃ હાલમાં ૧૨૮૮ કેન્દ્રીય વિદ્યાલયમાં ૧૪ લાખ વિદ્યાર્થી ભણે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે દિવાળી ગિફ્ટ આપી છે. પીએમ અધ્યક્ષતામાં થયેલી આ બેઠકમાં કુલ ૧.૨૦ લાખ કરોડ રૂપિયાના મહત્ત્વના નિર્ણયો લેવાયા છે. સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને મોટી રાહત આપતા મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૩ ટકાના વધારાને મંજૂરી આપી છે. આ નિર્ણય ૧ જુલાઈ ૨૦૨૫થી લાગુ થશે. તેનાથી ૪૯ લાખ કર્મચારીઓ અને ૬૯ લાખ પેન્શનર્સને સીધો ફાયદો મળશે.

દિલ્હીમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આ મોટા નિર્ણયની જાણકારી આપી છે. ખેડૂતો માટે પણ ખુશખબર આપી છે. સરકારે એમએસપીમાં વધારો કરવાની જાહેરાત કરી છે. દાળ ઉત્પાદનને વધારવા માટે હાઈ ક્વોલિટીવાળા બિયારણ અને વેલ્યૂ ચેન પર કામ કરવાનો નિર્ણય લીધો છે. શિક્ષણના ક્ષેત્રમાં પણ મોટો નિર્ણય લેવાયો છે. દેશભરમાં ૫૭ નવી કેન્દ્રીય વિદ્યાલયો ખોલવામાં આવશે. હાલમાં ૧૨૮૮ કેન્દ્રીય વિદ્યાલયમાં ૧૪ લાખ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. નવી સ્કૂલ ખોલવાથી લાખો બાળકોને વાજબી અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળશે. આવો કેન્દ્રીય કેબિનેટના નિર્ણય વિશે વિસ્તારથી જાણીએ.

કેબિનેટે મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહતમાં ૩ ટકાનો વધારો કર્યો છે. આ વધારો ૧ જુલાઈ ૨૦૨૫થી લાગુ થશે અને ૫૫ ટકાથી વધીને ૫૮ ટકા થઈ જશે. આ નિર્ણયનો ફાયદો ૪૯.૧૯ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૮.૭૨ લાખ પેન્શનર્સને થશે. સરકાર પર વાર્ષિક લગભગ ૧૦,૦૮૩ કરોડ રૂપિયાનો બોજ આવશે. કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેયર્સે આસામાં કાલીબોર-નુમાલિગઢ સેક્શનને ૪ લેન કરવાની મંજૂરી આપી છે. ૮૫.૬૭ કિમી લાંબા આ પ્રોજેક્ટમાં ૩૪.૫ કિમીનો એલિવેટેડ કોરિડોર બનશે, જેથી કાઝીરંગા નેશનલ પાર્કમાંથી વન્યજીવ સુરક્ષિત રીતે રસ્તો ક્રોસ કરી શકે. આ ઉપરાંત ૨૧ કિમી બાઈપાસ અને ૩૦ કિમી રોડ અપગ્રેડેશન પણ થશે. પ્રોજેક્ટથી પર્યટન, ઉદ્યોગ અને ક્ષેત્રિય અર્થવ્યવસ્થાને ગતિ મળશે અને લગભગ ૩૫ લાખ માનવ દિવસ રોજગાર ઉત્પન્ન થશે.

દેશભરમાં ૫૭ નવી કેન્દ્રીય વિદ્યાલય ખોલવામાં આવશે. તેના પર ૯ વર્ષોમાં લગભગ ૫૮૬૨ કરોડ રુપિયા ખર્ચ થશે.નવી કેન્દ્રીય વિદ્યાલયમાં પહેલી વાર બાલવાટિકાઓ પણ સામેલ થશે. આ વિદ્યાલયથી ૮૬,૬૪૦ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ લાભ અને ૪૬૧૭ સ્થાયી રોજગારનો અવસર મળશે. હાલ દેશમાં ૧૨૮૮ કેન્દ્રીય વિદ્યાલય છે, જેમાં ૧૩.૬૩ લાખ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે.

ખેડૂતોનો મોટી ગિફ્ટ, એમએસપીમાં વધારોઃ સરકારે ૨૦૨૬-૨૭ સીઝન માટે તમામ જરુરી રવિ પાકની એમએસપી વધારી દીધી છે. સૌથી વધારે સનફ્લાવરમાં ૬૦૦ રુપિયા/ક્વિન્ટલ, મસૂર- ૩૦૦ રુપિયા/ક્વિન્ટલ, સરસવ-૨૫૦ રુપિયા/ક્વિન્ટલ, ચણા- ૨૨૫ રુપિયા/ક્વિન્ટલ, જવ-૧૭૦ રુપિયા/ક્વિન્ટલ, ઘઉંસ ૧૬૦ રુપિયા/ક્વિન્ટલ

દાળમાં આત્મનિર્ભરતા મિશનઃ સરકારે ૧૧,૪૪૦ કરોડ રુપિયાના ખર્ચથી 'Mission for Aatmanirbharta in Pulses'ને મંજૂરી આપી છે. આ મિશન ૨૦૨૫-૨૬થી ૨૦૩૦-૩૧ સુધી ચાલશે અને તેનો ટાર્ગેટ દાળોની આયાત પર નિર્ભરતા ખતમ કરવાનો છે. બાયો રિસર્ચ પ્રોગ્રામના આગામી તબક્કાને મંજૂરીઃ કેબિનેટે બાયોમેડિકલ રિસર્ચ કરિયર પ્રોગ્રામ ફેઝ-૩ને મંજૂરી આપી છે. આ પ્રોગ્રામ ૨૦૨૫-૨૬થી ૨૦૩૦-૩૧ સુધી ચાલશે અને તેના પર ૧૫૦૦ કરોડ રુપિયા ખર્ચ થશે. તેમાં ભારત સરકાર અને બ્રિટનના વેલકમ ટ્રસ્ટ મળીને કામ કરશે. તેનો ઉદ્દેશ્ય ટોપ ટિયર વૈજ્ઞાનિક પ્રતિભાને તૈયાર કરવા અને બાયોમેડિકલ રિસર્ચમાં નવી શોધનો વધારો કરવાનો છે.

# ભારત 5th જનરેશનનું અત્યાધુનિક ફાઈટર જેટ તૈયાર કરવા સુસજ્જ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના મહત્વાકાંક્ષી 5th જનરેશનના એડવાન્સ્ડ મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પ્રોજેક્ટ માટે સાત ભારતીય સંરક્ષણ કંપનીઓએ બિડ સબમિટ કરી છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), લાર્સન એન્ડ ટુબ્રો (L&T), અદાણી ડિફેન્સ, TATA એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ અને બે અન્ય ખાનગી ક્ષેત્રની કંપનીઓએ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) સાથે સહયોગ કરવા માટે બિડ સબમિટ કરી છે. એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA) દ્વારા જાહેર કરાયેલા એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EoI) ૩૦મી સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ ગયુ હતું. આ પગલું સ્ટીલ્થ ફાઈટર જેટ વિકસાવવાનો છે. આ પ્રોજેક્ટ આગામી છ વર્ષમાં ભારતીય વાયુસેનામાં સામેલ કરવાની યોજના છે. ભારતીય સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ આપી છે કે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), લાર્સન એન્ડ ટુબ્રો (L&T), અદાણી ડિફેન્સ, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ (TASL) અને કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ જેવી કંપનીઓ દોડમાં છે. આ બિડનું મૂલ્યાંકન ડૉ. એ. શિવથનુ પિલ્લઈની આગેવાની હેઠળની સમિતિ દ્વારા કરવામાં આવશે. ડૉ. પિલ્લઈએ બ્રહ્મોસ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પેનલ ટેકનિકલ અને વાણિજ્યિક દરખાસ્તોનું મૂલ્યાંકન કરશે. સમિતિ ખાતરી કરશે કે શોર્ટલિસ્ટ કરાયેલી કંપનીઓ પાસે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ હોય અને તેઓ કુશળતા સાથે કાર્યક્રમનું સંચાલન કરી શકે. AMCA કાર્યક્રમ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો લશ્કરી સંશોધન અને વિકાસ પ્રયાસ છે. પ્રોટોટાઈપ એરક્રાફ્ટની ડિઝાઈન, એન્જિનિયરિંગ અને બાંધકામ માટે અંદાજિત ૧૫ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સફળ ફ્લાઈટ પરીક્ષણો અને માન્યતા પછી, સરકાર ૧૨૦ એરક્રાફ્ટ માટે પ્રારંભિક ઓર્ડર આપવાની યોજના ધરાવે છે. આગામી બે દાયકામાં વધુ અદ્યતન સંસ્કરણો બહાર પાડવામાં આવતા કુલ ઉત્પાદન અનેક લાખ યુનિટ સુધી પહોંચવાની અપેક્ષા છે.

આ કાર્યક્રમનું નાણાકીય મૂલ્ય લાખો કરોડ રૂપિયા સુધી પહોંચે છે, જે તેને અત્યાર સુધીના સૌથી મોટા સંરક્ષણ કરારોમાંનો એક બનાવે છે.

એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (ADA) દ્વારા જાહેર કરાયેલા ઈઓઆઈ અનુસાર, પસંદ કરાયેલ વિકાસ ભાગીદાર આઠ વર્ષમાં સંપૂર્ણ સક્ષમ પ્રોટોટાઈપ પહોંચાડવાની અપેક્ષા છે. આનો અર્થ એ થાય કે ૨૦૩૦ની શરૂઆતમાં પહેલી ફ્લાઈટ સમયરેખા, ૨૦૩૫ સુધીમાં સીરીયલ ઉત્પાદન શરૂ થવાનું છે.






શાહરૂખ ખાન પણ યાદીમાં સામેલ

# મુકેશ અંબાણી ફરી બન્યા ભારતના સૌથી ધનિક વ્યક્તિ

## ઉદ્યોગપતિ ગૌતમ અદાણી અને તેમનો પરિવાર બીજા સ્થાને છે, જેની કુલ સંપત્તિ રૂ.૮.૧૫ લાખ કરોડ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના સૌથી ધનવાન વ્યક્તિઓની ૧૪મી એમ૩એમ હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫મા મુકેશ અંબાણી અને તેમનો પરિવાર ફરી દેશના સૌથી ધનવાનોની યાદીમાં ટોપ સ્થાન પર આવી ગયો છે. તેમની કુલ સંપત્તિ રૂ.૯.૫૫ લાખ કરોડ આંકવામાં આવી છે.

આ યાદીને M3M ઈન્ડિયા અને હુરૂન રિસર્ચ સંસ્થાએ મળી જારી કરી છે. ગૌતમ અદાણી અને તેમનો પરિવાર બીજા સ્થાને છે, જેની કુલ સંપત્તિ રૂ.૮.૧૫ લાખ કરોડ છે.

આ વખતે યાદીમાં નવી એન્ટ્રી પણ જોવા મળી છે. રૌશની નાદર મલ્હોત્રા અને તેમનો પરિવાર પ્રથમવાર ટોપ ત્રણમાં સામેલ થયો છે, જેની કુલ સંપત્તિ રૂ.૨.૮૪ લાખ કરોડ, અને તે ભારતના સૌથી ધનવાન મહિલા બની ગયા છે. રિપોર્ટ્સમાં કહેવામાં આવ્યું છે કે નવી એન્ટ્રી ભારતની સંપત્તિની તસવીર બદલી રહી છે.

રિપોર્ટ્સ પ્રમાણે ભારતમાં હવે ૩૫૦થી વધુ અબજોપતિ છે, જે ૧૩ વર્ષ પહેલા યાદીની શરૂઆતના સમયથી છ ગણો વધારો છે. બધા અબજોપતિઓની કુલ સંપત્તિ રૂ.૧૬૭ લાખ કરોડ છે, જે ભારતની ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) નો લગભગ અડધો ભાગ છે.

યુવા સંપત્તિ નિર્માતા પણ પોતાની છાપ છોડી રહ્યાં છે. અરવિંદ શ્રીનિવાસ ૩૧ વર્ષ, Perplexity ના સંસ્થાપક, આ વર્ષે ભારતના સૌથી યુવા અબજોપતિ બન્યા, જેમની કુલ સંપત્તિ ૨૧૧૯૦ કરોડ રૂપિયા છે. બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન પણ પ્રથમવાર અબજોપતિની કલબમાં સામેલ થયો, જેની કુલ સંપત્તિ ૧૨૪૯૦ કરોડ રૂપિયા આંકવામાં આવી છે. સંપત્તિના વધારાના મામલામાં આ વર્ષે નિરજ બજાજ અને તેમના પરિવારની કુલ સંપત્તિમાં મોટો વધારો થયો, અને ૬૯૮૭૫ કરોડ રૂપિયા જોડી ૨.૩૩ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે.

મુંબઈ ભારતના અબજોપતિઓનું સૌથી મોટું કેન્દ્ર છે, જેમાં ૪૫૧ એન્ટ્રી છે, ત્યારબાદ દિલ્હી (૨૨૩) અને બેંગલુરૂ (૧૧૬) નું સ્થાન છે. સેક્ટર પ્રમાણે ફાર્માસ્યુટિકલ્સ ૧૩૭ એન્ટ્રી સાથે પ્રથમ સ્થાને છે, ત્યારબાદ ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્ટ્સ (૧૩૨) અને કેમિકલ્સ તથા પેટ્રોકેમિકલ્સ (૧૨૫) છે. આ વર્ષની યાદીમાં ૧૦૧ મહિલાઓનો સમાવેશ થાય છે, એકંદરે, ભારતમાં સંપત્તિ નિર્માણના મુખ્ય પ્રેરકબળ સ્વ-નિર્મિત વ્યક્તિઓ છે, યાદીમાં સામેલ ૬૬% લોકો સ્વ-નિર્મિત છે, અને ૭૪% નવી એન્ટ્રીઓએ પોતાની સંપત્તિ જાતે બનાવી છે.

ઘણા લોકો હજુ પણ ગુમ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા

# ફિલિપાઈન્સમાં ભૂકંપથી ભારે તબાહી, અનેક ઈમારતો ધરાશાયી થતાં ૬૦ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ફિલિપાઈન્સ

ફિલિપાઈન્સમાં ૬.૯ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે દેશના ઘણા ભાગોમાં વિનાશ સર્જાયો હતો. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે કુદરતી આફતમાં ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી જેમાં ઓછામાં ઓછા ૬૦લોકો માર્યા ગયા હતા.

ભૂકંપના કેન્દ્ર અને અસરગ્રસ્ત વિસ્તારોની વિગતો હજુ પણ અસ્પષ્ટ છે, પરંતુ પ્રારંભિક અહેવાલો નોંધપાત્ર નુકસાન અને જાનહાનિની પુષ્ટિ થઈ છે.

અધિકારીએ જણાવ્યું હતું કે સ્થાનિક સમય મુજબ બપોરના સમયે ઘણા વિસ્તારોમાં જોરદાર ભૂકંપ અનુભવાયા હતા, જેના કારણે ગભરાટ ફેલાયો હતો અને લોકો તેમના ઘરો અને ઓફિસોમાંથી બહાર દોડી જવા મજબૂર થયા હતા. ભૂકંપ એટલો તીવ્ર હતો કે ઘણી ઈમારતો, ખાસ કરીને જૂની ઈમારતો સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગઈ હતી, જેના કારણે ઘણા લોકો કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. ફિલિપાઈન્સના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીઓએ તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી શરૂ કરી દીધી છે. કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવા માટે બચાવ ટીમો દિવસ-રાત કામ કરી રહી છે. ઘણા લોકો હજુ પણ ગુમ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે.

ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તબીબી ટીમો સારવાર આપી રહી છે. એક વરિષ્ઠ ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે, "૬.૯ ની તીવ્રતાનો ભૂકંપ અત્યંત શક્તિશાળી હતો.

ઘણી ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે અને ઓછામાં ઓછા ૬૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. અમે અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ઝડપી બનાવી રહ્યા છીએ."

# તંત્રી લેખ......

## સ્વયં શિસ્ત અને સંયમ જ ઉગારી શકે

તમિલનાડુની રેલી દુર્ઘટનાએ ફરી એકવાર કમકમાટી ફેલાવી દીધી તેને પણ બે દિવસ વીતી ગયા, ફરી એકવાર થોડા દિવસો પછી બધું ભુલાઈ જશે. ક્રિકેટની વિજેતા ટીમને વધાવવા એકઠી થયેલી મેદનીમાં ભાગદોડ થાય અને ૧૧ લોકોનાં મૃત્યુ થઈ જાય કે અભિનેતા-નેતા વિજયને જોવા એકઠા થયેલા લોકોનાં મૃત્યુ અચાનક થઈ જાય પણ બોધપાઠ ન લેવાની પ્રશાસન અને લોકોની માનસિકતા આવી દુર્ઘટનાના પુનરાવર્તન માટે જવાબદાર છે. તમિલનાડુમાં શનિવારે બનેલી દુર્ઘટનાની ગંભીરતા ઘણી વધારે છે અને હવે જો સમજણ કેળવાય નહીં તો ક્યારે કેળવાશે ? તે પ્રશ્ન છે. ફિલ્મી પડદામાંથી રાજકીય ક્ષેત્રે પ્રવેશ કરનાર અભિનેતા વિજયની રેલી શનિવારે યોજાઈ હતી. હજારો લોકો તે જોવા માટે સ્થળ પર પહોંચ્યા. પ્રિય અભિનેતાની એકમાત્ર ઝલક મેળવવા તેઓ ધક્કામુક્કી કરી રહ્યા હતા. અચાનક જ ભીડ વધી અને જોતજોતામાં આ રેલી દુર્ઘટનામાં ફેરવાઈ ગઈ. પ્રારંભિક તબક્કે જે ૨૯ હતો તે મૃત્યુ આંક સોમવાર બપોર સુધીમાં ૪૦ થયો છે, જેમાં ૧૬ મહિલા અને ૧૦ બાળક પણ છે. સાવ અચાનક આ લોકોએ જીવ ગુમાવી દીધા અને તંત્ર કંઈ જ કરી શક્યું નહીં. જો કે, આવી ઘટનાઓમાં આખરે તંત્ર એકલું કરે પણ શું ? કોઈ બાબાનો સત્સંગ, ક્રિકેટના વિજયની ઉજવણી કે અભિનેતા વિજયની રેલીમાં મોટી સંખ્યામાં ઊમટી પડનાર જનતાનો જાત ઉપરનો સંયમ અને સ્વયંશિસ્ત સૌથી અગત્યનાં છે. આ દુર્ઘટનામાં રાજકારણ પ્રવેશ્યું છે. અભિનેતા વિજયે ભાંગફોડની આશંકા દર્શાવીને તામિલનાડુના મુખ્યમંત્રી પર આરોપ લગાવ્યા છે. વિજયે કહ્યું કે, સીએમ સ્ટાલિનને બદલો લેવો હોય તો પોતા સામે લે, પક્ષના કાર્યકર્તાઓને નિશાન ન બનાવો. દરમ્યાન, ડીએમકેએ રેલીનાં સ્થળ અંગે સવાલ ઉઠાવ્યા છે તે દુર્ઘટના બાદ વિજય ચાલ્યા ગયા એની પણ ટીકા કરી છે. આ મામલો લાંબો ચાલશે. તમિલનાડુની દુર્ઘટના માટે હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ અરુણા જગદીશનનાં વડપણ હેઠળ સમિતિ બની છે. તપાસ થયા પછી પગલાં લેશે તેવો સધિયારો અપાયો છે. મૃતકો અને ઘાયલોને આર્થિક સહાય ચૂકવવાની ઔપચારિકતા પણ પૂર્ણ થઈ ગઈ છે. જેમની રેલીમાં દુર્ઘટના બની તે પાર્ટીએ પણ સહાય ચૂકવવાની જાહેરાત કરી છે. પ્રશ્ન એ છે કે, આ લાખો રૂપિયા ચૂકવવા પછી પણ ગયેલા જીવ પરત આવશે ? રેલી, સભાનાં આયોજન માટેના નિયમો ચુસ્ત હોવા જોઈએ. આયોજકોએ પણ સામાન્ય લોકોની સલામતીની ચિંતા કરવી જ જોઈએ અને કોઈ પક્ષ, કોઈ નેતા, કોઈ અભિનેતા પ્રત્યેનો પ્રેમ ઘેલછામાં ન પરિણમે તે પણ જોવું જ જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧,૧૮,૪૪૪ અને ચાંદીનો વાયદો રૂ.૧,૪૪,૮૪૪ની નવી ટોચેઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૪૧ લપસ્યો

**કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૯૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૦૬૨૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૧૮૪૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૭૭૯૦ પોઈન્ટના સ્તરે**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૬૭૨૬.૭૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૦૯૮.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૯૦૬૨૫.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૭૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૬૫.૪૮ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૩૧૮૪૩.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭૬૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૮૪૪૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૧૭૦૯૪ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૭૨૬૫ના આગલા બંધ સામે રૂ.૮૨૬ વધી રૂ.૧૧૮૦૯૧ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૧૪ વધી રૂ.૯૪૭૧૮ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૭૭ વધી રૂ.૧૧૮૨૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨૭ વધી રૂ.૧૧૭૪૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૭૨૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૭૯૮૮ અને નીચામાં રૂ.૧૧૬૬૯૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૬૮૬૧ના આગલા બંધ સામે રૂ.૮૨૦ વધી રૂ.૧૧૭૬૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૪૩૨૦૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૪૮૪૪ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૪૨૪૬૬ના મથાળે અથડાઈ, રૂ.૧૪૨૧૪૫ના આગલા બંધ સામે રૂ.૨૦૮૫ વધી રૂ.૧૪૪૨૩૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૯૯૪ વધી રૂ.૧૪૪૩૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧૯૫૬ વધી રૂ.૧૪૪૩૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૭૮૦.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૭૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૭૬૨ અને નીચામાં રૂ.૩૬૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૧ ઘટી રૂ.૩૬૪૦ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૫૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૫૯૬ અને નીચામાં રૂ.૫૪૮૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૬૯ના આગલા બંધ સામે રૂ.૪૧ ઘટી રૂ.૫૫૨૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૪૩ ઘટી રૂ.૫૫૨૮ થયો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૨ વધી રૂ.૩૦૦.૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૪.૩ વધી રૂ.૩૦૦.૨ના સ્તરે પહોંચ્યો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૬૫.૫ના ભાવે ખૂલી, ૯૦ પૈસા ઘટી રૂ.૯૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૪૪૨ના ભાવે ખૂલી, રૂ.૫ ઘટી રૂ.૨૫૩૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૬૭૧૯.૨૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧૫૧૨૪.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૨૧.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૬૩.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૯૯૫.૭૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૪.૫૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૯૪ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૬૫૭૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૮૭૭૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૦૮૭૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૦૫૮૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૪૮૧૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૧૭૪૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૨૯૧૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૭૮૦૦૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૧૪૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૫૦૫ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૨૨૭૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૭૬૧૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૭૭૯૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૭૩૯૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૯૪ પોઈન્ટ વધી ૨૭૭૯૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૫ ઘટી રૂ.૧૨૫.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૭૫ વધી રૂ.૧૬.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૫ વધી રૂ.૨૧૦૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૩૯.૫ વધી રૂ.૪૬૯૭ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪૮ વધી રૂ.૧૮.૦૯ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૨ પૈસા વધી રૂ.૪.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૫૫ ઘટી રૂ.૧૨૭ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ વધી રૂ.૧૬.૪ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૪ વધી રૂ.૨૬૭૪ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૧૮.૫ વધી રૂ.૪૭૩૭ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮.૧ વધી રૂ.૧૫૩.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૧૭.૨૫ થયો હતો. સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૧ ઘટી રૂ.૧૨૩૨.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૧૧.૫ ઘટી રૂ.૩૦૪૨.૫ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૧ ઘટી રૂ.૧૭ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૮૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૧ પૈસા ઘટી રૂ.૨.૮૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૯.૦૫ વધી રૂ.૧૫૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૯૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૧૪.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૧૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૫.૫ ઘટી રૂ.૧૮૦૦.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૪૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૯૭૯.૫ ઘટી રૂ.૪૮૦૦ થયો હતો.

ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે

## વિવિધ થીમ સાથે ૦૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્યજીવ સપ્તાહ-૨૦૨૫' ઉજવાશે

ગુજરાત સહિત ભારતભરમાં પ્રતિ વર્ષ મહાત્મા ગાંધી જયંતી એટલે કે તા. ૦૨ થી ૮ ઑક્ટોબર દરમિયાન 'વન્યજીવ સપ્તાહ'ની વિવિધ સ્વરૂપે ઉજવણી કરવામાં આવે છે.

**Gujarat Ecological Education and Research** ગીર ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે વિવિધ થીમ સાથે તા. ૦૨ થી ૮ ઓક્ટોબર દરમિયાન 'વન્યજીવ સપ્તાહ-૨૦૨૫' ઉજવવામાં આવનાર છે. જેમાં વધુમાં વધુ નાગરિકો સહભાગી થાય તેવા હેતુસર આ સપ્તાહ દરમિયાન મુલાકાતીઓને ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન- અરણ્ય ઉદ્યાનમાં નિઃશૂલ્ક પ્રવેશ આપવામાં આવશે? તેમ,ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

આ સપ્તાહનો મુખ્ય હેતુ વધુમાં વધુ નાગરિકોને વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃત કરવાનો છે. આ વર્ષે **'Human-Animal Coexistence'** વિષયવસ્તુ સાથે વન્યજીવ સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે, જે સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે માનવ અને પ્રાણીઓના સહઅસ્તિત્વ જેવી મહત્વની બાબત પર વધુ ધ્યાન કેન્દ્રીત કરે છે. દર વર્ષે 'ગીર' ફાઉન્ડેશન દ્વારા આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ વખતે 'વન્યજીવ સપ્તાહ'ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર સપ્તાહ દરમિયાન વન્યજીવો આધારિત રસપ્રદ માહિતી સહિત બાળકો માટે વાઈલ્ડલાઈફ ક્વિઝનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં 'ગીર' ફાઉન્ડેશન દ્વારા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના વન વિસ્તારમાં તા. ૦૨ ઓક્ટોબરના રોજ સ્વચ્છતા અભિયાન તથા સાંજે પ્લાસ્ટિક વેસ્ટ બોટલમાંથી પ્લાન્ટર્સ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૩ ઓક્ટોબરના રોજ સાંજે ઈકો આર્ટ એક્ટિવિટી, તા.૦૪ના રોજ આયુર્વેદિક તબીબો દ્વારા નિઃશૂલ્ક રોગ નિદાન અને ચિકિત્સા શિબિરનું પણ આયોજન કરવામાં આવનાર છે. જ્યારે તા. ૦૫ના રોજ સવારે નેચર વોક અને સાંજે વાઈલ્ડલાઈફ ક્લે-પોટરી આર્ટ જેવી પ્રવૃત્તિઓ યોજવામાં આવનાર છે. તા. ૦૭ના રોજ સાંજે વાઈલ્ડલાઈફ ઓરિગામી ઍક્ટિવિટિ યોજવામાં આવનાર છે. આ સાથે તા. ૦૮ ઓક્ટોબરના રોજ કોલેજના વિદ્યાર્થીઓ માટે સેમિનાર, ફિલ્ડ એક્સપોઝર વિઝિટ સહિત અવનવી પ્રવૃત્તિઓ-કાર્યક્રમો યોજવામાં આવનાર છે જેનો વન્યજીવ અને પર્યાવરણ પ્રેમી નાગરિકો-વિદ્યાર્થીઓને વધુમાં વધુ લાભ લેવા ગીર ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. - જનક દેસાઈ

સાબરકાંઠાના વદરાડમાં આવેલા સેન્ટર ઑફ એક્સેલન્સે ૧૦ વર્ષમાં ૧.૪ કરોડથી વધુ રોપાં ઉછેર્યા

# ગુજરાતના બાગાયત ક્ષેત્રે ખુલી નવી ક્ષિતિજોઃ સેન્ટર ઑફ એક્સેલન્સ નવીનતાની સાથે આત્મનિર્ભરતાને આપી રહ્યા છે પ્રોત્સાહન

ભારતના બાગાયત ક્ષેત્રને વેગ આપવાના ધ્યેય સાથે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત મંત્રાલય 'મિશન ફોર ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઑફ હોર્ટિકલ્ચર' **(MIDH)** હેઠળ ફળ અને શાકભાજીની ખેતીને આધુનિક બનાવવા માટે અવિરત પ્રયાસો કરી રહ્યું છે. આ પહેલના ભાગરૂપે, દેશભરમાં ૫૮ સેન્ટર ઑફ એક્સેલન્સ **(CoEs)**ને મંજૂરી આપવામાં આવી છે. ગુજરાતની વાત કરીએ, તો રાજ્યમાં ફળો અને શાકભાજી માટે ૪ સેન્ટર ઑફ એક્સેલન્સ છે.

ઉલ્લેખનીય છે કે, ભારત સરકારે સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના માટે ઇઝરાયલ, નેધરલેન્ડ્સ, ન્યુઝીલેન્ડ સાથે દ્વિપક્ષીય સહયોગ કરાર કર્યો છે. આ ઉપરાંત, ભારતીય કૃષિ સંશોધન પરિષદ **(ICAR)**, દિલ્હી જેવી ભારતીય સંશોધન સંસ્થાઓની મદદથી પણ સેન્ટર ઑફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવી રહી છે.

ભારતના બાગાયત ક્ષેત્રમાં પરિવર્તનનું માધ્યમ બન્યા સેન્ટર ઑફ એક્સેલન્સ

સેન્ટર ઑફ એક્સેલન્સનો ઉદ્દેશ બાગાયતી ઉત્પાદનમાં આધુનિક ટેક્નોલૉજીનું પ્રદર્શન કરવાનો, ખેડૂતોને તાલીમ આપવાનો અને બાગાયતમાં નવીન ટેક્નોલૉજીનો પ્રસાર કરવાનો છે. આ કેન્દ્રો ક્ષમતા નિર્માણ કાર્યક્રમો દ્વારા કૃષિ ક્ષેત્રે કૌશલ્ય વધારવામાં, ખેડૂતોને વાવેતર માટેની સામગ્રીનો પુરવઠો પૂરો પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને ખેડૂતોને ખેતીની આધુનિક, વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. સેન્ટર ઑફ એક્સેલન્સ સંશોધનને વાસ્તવિક ખેતી પદ્ધતિઓ સાથે જોડીને બાગાયતી ક્ષેત્રમાં ઉચ્ચ ઉત્પાદકતા, સારી ગુણવત્તા અને ટકાઉપણું સુનિશ્ચિત કરે છે. સેન્ટર ઑફ એક્સેલન્સ નવીનતાની સાથે આત્મનિર્ભરતાને પણ પ્રોત્સાહન આપે છે અને ખેડૂતો માટે આર્થિક તકો પણ ઊભી કરે છે. આ તમામ પ્રયાસો દ્વારા સેન્ટર ઑફ એક્સેલન્સ ભારતના બાગાયતી ક્ષેત્રમાં પરિવર્તન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

ઉત્તર ગુજરાતમાં છે ૨ સેન્ટર ઑફ એક્સેલન્સ

ઉત્તર ગુજરાતમાં બાગાયત ક્ષેત્રના વિકાસ માટે બે સેન્ટર ઑફ એક્સેલન્સ છે, જે એપ્લાઇડ રિસર્ચ એટલે કે વ્યવહારુ સંશોધન, પાકના માનકીકરણ અને ખેડૂતોને નવી ટેક્નોલૉજી અપનાવવા પ્રોત્સાહિત કરવાનો છે. આ કેન્દ્રો તકનીકી સલાહ પણ પૂરી પાડે છે અને પાક ઉત્પાદકતા વધારવા માટે ગુણવત્તાયુક્ત વાવેતર સામગ્રીનું ઉત્પાદન કરે છે. ઉત્તર ગુજરાતમાં એક સેન્ટર ઑફ એક્સેલન્સ સાબરકાંઠાના વદરાડમાં આવેલું છે. વર્ષ ૨૦૧૫માં શાકભાજી માટે સેન્ટર ઑફ એક્સેલન્સ ફોર પ્રોટેક્ટેડ કલ્ટિવેશન એન્ડ પ્રિસિશન ફાર્મિંગની સ્થાપના કરવામાં આવી હતી.

સાબરકાંઠાના વદરાડમાં આવેલા સેન્ટર ઑફ એક્સેલન્સે ૧૦ વર્ષમાં ૧.૪ કરોડથી વધુ શાકભાજીના રોપાં ઉછેર્યા

આ કેન્દ્રએ શાકભાજીની સંરક્ષિત અને ચોક્સાઈપૂર્ણ ખેતી કરવાના હેતુ સાથે વિવિધ પગલાં લીધાં છે. વાવેતર સામગ્રી કાર્યક્રમ દ્વારા આ સેન્ટર ઑફ એક્સેલન્સે ૧૦ વર્ષમાં ૧.૪ કરોડથી વધુ શાકભાજીના રોપાં ઉછેર્યા છે. આ રોપાંઓનો અંકુરણ દર કેટલાંક કિસ્સાઓમાં ૯૦% સુધીનો હતો, જેનાથી ખેડૂતોને વધુ સારી ઉપજ મેળવવામાં મદદ મળી છે. દર વર્ષે આ કેન્દ્ર આધુનિક ખેતી પદ્ધતિઓ પ્રદર્શિત કરવા માટે ૧૮ ફ્રન્ટલાઈન પ્રદર્શનોનું આયોજન કરે છે. તે તાલીમ કાર્યક્રમો અને ફીલ્ડ વિઝિટ્સનું પણ આયોજન કરે છે, જેનો લાભ ૧ લાખ ૧૩ હજારથી વધુ ખેડૂતો અને અધિકારીઓને મળ્યો છે.

આ વિઝિટ દરમિયાન સહભાગીઓને નવીન તકનીકોનો પ્રત્યક્ષ અનુભવ મળે છે. આ ઉપરાંત, કેન્દ્ર દ્વારા માહિતીના આદાનપ્રદાન માટે રહેણાંક તાલીમ કાર્યક્રમો, નિયમિત વર્કશોપ અને ટ્રેનિંગ ઑફ ટ્રેનર્સ **(ToT)** કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

મહેસાણાના વિસનગરમાં છે 'સેન્ટર ઑફ એક્સલન્સ ઑફ વેજીટેબલ્સ એન્ડ સાઈટ્રસ'

મહેસાણા જિલ્લાના વિસનગરમાં આવેલ 'સેન્ટર ઑફ એક્સલન્સ ઑફ વેજીટેબલ્સ એન્ડ સાઈટ્રસ' આધુનિક સંરક્ષિત ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમાં ૧,૮૦૦ ચોરસ મીટરમાં ફેલાયેલા બે નેટ હાઉસ, ૧,૮૦૦ ચોરસ મીટરને આવરી લેતી ચાર પોલી ટનલ અને નિયંત્રિત પાક ઉત્પાદન માટે ૧,૧૦૦ ચોરસ મીટરનું ફેન-પૅડ પોલી હાઉસ છે.

આ કેન્દ્ર સ્થાનિક આબોહવાને અનુરૂપ લીંબુની નવી જાતોનું પરીક્ષણ કરે છે. આ ઉપરાંત, તે સ્વસ્થ અને રોગમુક્ત રોપાં ઉગાડે છે અને ટપક સિંચાઈ, ફર્ટિગેશન અને સંરક્ષિત ખેતી જેવી આધુનિક ખેતી તકનીકોનું પ્રદર્શન કરે છે.

ખેડૂતોને નવીનતમ ટેક્નોલૉજી વિશે માહિતગાર કરવા માટે આ કેન્દ્ર વિવિધ વિષયો અંગે તાલીમ કાર્યક્રમો ચલાવે છે, જેમાં સાઈટ્રસ પાકનું ઉત્પાદન, પોષક તત્વોનું સંચાલન, કાપણી, નર્સરી વ્યવસ્થાપન, જીવાત નિયંત્રણ અને સેન્દ્રિય ખેતીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, પોતાની જમીન ન ધરાવતાં ખેતમજૂરોને વિશેષ તાલીમ આપવામાં આવે છે, જેનાથી તેમની આજીવિકાની તકો વધે છે. આ પહેલ ખેડૂતોને વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરે છે અને અસરકારક ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહન આપે છે.

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ ગુજરાતના બાગાયતી વિકાસ પર પ્રકાશ પાડશે

ઉલ્લેખનીય છે કે, આગામી ૯-૧૦ ઑક્ટોબરે યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (ઉત્તર ગુજરાત, મહેસાણા જિલ્લો) બાગાયતી વિકાસ પર પ્રકાશ પાડશે અને ખેડૂતો અને ઉદ્યોગસાહસિકો માટે નેટવર્કિંગ તકો પ્રદાન કરશે. ઉત્તર ગુજરાતતમાં સેન્ટર ઑફ એક્સેલન્સે વ્યાપક પ્રવૃત્તિઓ દ્વારા બાગાયત ક્ષેત્રે પરિવર્તન લાવવામાં, ખેડૂતોને સશક્ત બનાવવામાં અને આત્મનિર્ભર કૃષિ ક્ષેત્રના વિઝનમાં યોગદાન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

## નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત નેચરલ ફાર્મિંગ - પી.જી.એસ. સર્ટીફિકેશન અંગે ગાંધીનગર ખાતે તાલીમ યોજાઈ



ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટસ સર્ટિફીકેશન એજન્સી અમદાવાદ તથા નેશનલ સેન્ટર ફોર ઓર્ગેનિક એન્ડ નેચરલ ફાર્મિંગ, ગાઝીયાબાદના સંયુક્ત ઉપક્રમે ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ગાંધીનગર ખાતે નેચરલ ફાર્મિંગ સર્ટિફીકેશન સિસ્ટમ વિષય અંગે બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નેચરલ ફાર્મિંગ તેમજ સજીવ ખેતી માટે પી.જી.એસ- ગ્રુપ સર્ટિફીકેશન માટે તા.૨૯ અને ૩૦ સપ્ટેમ્બર એમ બે દિવસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના અવિરત પ્રયત્નોના પરિણામે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન કરેલ ખેત ઉત્પાદનો, અનાજ, કઠોળ, શાકભાજી અને ફળો સ્થાનિક ગ્રાહકોને સર્ટીફાઈડ કરેલા મળે તે માટે કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા નેચરલ ફાર્મિંગ સર્ટિફીકેશન જાહેર કર્યું છે. સર્ટિફીકેશનની ઓનલાઈન પોર્ટલ અંગે કામગીરી કરતાં તમામ અધિકારીઓને તેમની કામગીરી પ્રક્રિયાની તાલીમ આપવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નેશનલ સેન્ટર ફોર ઓર્ગેનિક એન્ડ નેચરલ ફાર્મિંગના ડો. શ્રીનિવાસમુર્તી, ડો. રશ્મી સિંઘ દ્વારા નેચરલ ફાર્મિંગ અને પી.જી.એસ. સર્ટીફિકેશન અંગે આ તાલીમ કાર્યક્રમમાં માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંત અને વૈજ્ઞાનિકો દ્વારા ટેક્નીકલ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

આ તાલીમ કાર્યક્રમમાં ગોપકાના નિયામક શ્રી અનિલ પટેલની આગેવાનીમાં ખેતીવાડી વિભાગના જિલ્લા કક્ષાના અધિકારીશ્રી, ગોપકાના તમામ અધિકારીશ્રીઓ અને ગુજરાતમાં નોંધાયેલા રીજીયોનલ કાઉન્સીલના પ્રતિનિધિઓ સહભાગી થયા હતા.

- ઋચા રાવલ


રાજ્યમાં ગાંધી જયંતીથી ખાદી અને પોલીવસ્ત્રમાં ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય અપાશેઃ ગાંધી જયંતીના ઉપલક્ષમાં ભરૂચ-ચીખલી-વાપીમાં ખાદી પ્રદર્શન સહ વેચાણ મેળા યોજાશે

# "વોકલ ફોર લોકલ" અને "હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી"ના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહવાનને સ્વદેશીના પ્રતિક ખાદીને પ્રોત્સાહન દ્વારા સાકાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વનો નિર્ણય

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે "વોકલ ફોર લોકલ" અને "હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી" માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા આહવાનને ઝિલી લઈને સ્વદેશીની પ્રતિક ખાદીમાં ગાંધી જયંતીથી રાજ્યમાં માતબર વળતર આપવાનો અભિગમ અપનાવ્યો છે.

તેમણે આ સંદર્ભમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ખાદીના વિચારને સાચા અર્થમાં સાકાર કરીને સ્વદેશી ઉત્પાદન ખાદી અને પોલીવસ્ત્રની ઉત્પાદનની કિંમત ઉપર ગાંધી જયંતી ૨ ઓક્ટોબર ૨૦૨૫ થી ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવાનો નિર્ણય કર્યો છે. ગ્રાહકોને ખાદી ખરીદી ઉપર આ લાભ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી વળતર તરીકે મળશે. વડાપ્રધાનશ્રીએ "ખાદી ફોર ફેશન – ખાદી ફોર નેશન"ના ધ્યેય સાથે આત્મનિર્ભર અને સમૃદ્ધ ભારત માટે વધુને વધુ સ્વદેશી ચીજ વસ્તુઓના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગના આપેલા વિચારને ખાદીમાં વળતરના આ નિર્ણયથી વેગ મળશે. ગાંધી જયંતી નિમિત્તે ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય જાહેર થવાથી રાજ્યમાં ખાદી અને પોલીવસ્ત્રના ઉત્પાદન સાથે સંકળાયેલી સંસ્થાઓ, મંડળીઓના કારીગરો દ્વારા ઉત્પાદિત થતા આસન, શેતરંજી, રેશમ પટોળા, ઉની સ્વેટર, જર્સી, શાલ તેમજ ખાદીના વિવિધ રેડીમેઈડ ગારમેન્ટ અને હાથ બનાવટની ચીજ વસ્તુઓના વેચાણમાં વધારો થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણયને પરિણામે ખાદી અને ગ્રામોદ્યોગની બનાવટો-વસ્તુઓનું ઉત્પાદન-વેચાણ કરનારા ગ્રામીણ કારીગરોના ઘરમાં દિવાળીનો આર્થિક ઉજાસ પથરાશે.

રાજ્યમાં ખાદી-પોલીવસ્ત્રના વેચાણ અને પ્રોત્સાહન આપવા ગાંધી જયંતી નિમિત્તે વિવિધ સ્થળોએ પ્રદર્શન સહ વેચાણ મેળા ખાદી બોર્ડ દ્વારા યોજવામાં આવે છે. આ વર્ષે ગાંધી જયંતી અવસરે ૫ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૪ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન ભરૂચ, પાંચ નવેમ્બર ૨૦૨૫ થી ૧૪ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ચીખલી અને ૧૬ નવેમ્બર ૨૦૨૫ થી ૨૫ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન વાપી ખાતે પ્રદર્શન સહ વેચાણ મેળાનું આયોજન કરવામાં આવેલું છે.



RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# રાષ્ટ્રીય સાધનાના ૧૦૦ વર્ષઃ શ્રી નરેન્દ્ર મોદી - પ્રધાનમંત્રી



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ૧૦૦ વર્ષ પહેલાં વિજયાદશમીના શુભ તહેવાર પર કરવામાં આવી હતી. આ હજારો વર્ષોથી અસ્તિત્વમાં રહેલી પરંપરાનું પુનઃસ્થાપન હતું, જેમાં રાષ્ટ્રીય ચેતના સમયાંતરે યુગના પડકારોનો સામનો કરવા માટે નવા અવતારોમાં પ્રગટ થઈ છે. આ યુગમાં, સંઘ એ શાશ્વત રાષ્ટ્રીય ચેતનાનો સદ્ગુણી અવતાર છે. આપણી સ્વયંસેવકોની પેઢીનું સૌભાગ્ય છે કે આપણે સંઘના શતાબ્દી વર્ષ જેવા મહાન પ્રસંગના સાક્ષી બની રહ્યા છીએ. આ પ્રસંગે, હું રાષ્ટ્રીય સેવાના હેતુ માટે સમર્પિત લાખો સ્વયંસેવકોને મારી શુભકામનાઓ પાઠવું છું. હું સંઘના સ્થાપક, આપણા આદર્શ...પરમ પૂજ્ય ડૉ. હેડગેવારને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. ભારત સરકારે સંઘના ૧૦૦ વર્ષની આ ભવ્ય યાત્રાને યાદ કરવા માટે ખાસ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કા પણ બહાર પાડ્યા છે. જેમ માનવ સંસ્કૃતિઓ મહાન નદીઓના કિનારે ખીલે છે, તેવી જ રીતે સંઘના કિનારે પણ સેંકડો જીવન ખીલ્યા છે. જેમ એક નદી જે ક્ષેત્રોમાંથી વહે છે તેને સમૃદ્ધ બનાવે છે, તેમ સંઘે આ દેશના દરેક ક્ષેત્ર અને સમાજના દરેક પાસાને સ્પર્શ કર્યો છે. જેમ એક નદી અનેક પ્રવાહોમાં પોતાને પ્રગટ કરે છે, તેમ સંઘની યાત્રા પણ એવી જ છે. સંઘના વિવિધ સંગઠનો જીવનના દરેક પાસાઓ સાથે જોડાણ કરીને રાષ્ટ્રની સેવા કરે છે. સંઘે શિક્ષણ, કૃષિ, સમાજ કલ્યાણ, આદિવાસી કલ્યાણ, મહિલા સશક્તિકરણ સહિત સામાજિક જીવનના ઘણા ક્ષેત્રોમાં સતત કાર્ય કર્યું છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત દરેક સંગઠનનો એક જ ઉદ્દેશ્ય, એક જ ભાવના છેઃ રાષ્ટ્ર પ્રથમ. તેની સ્થાપનાથી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે રાષ્ટ્ર નિર્માણના ભવ્ય ધ્યેયને અનુસર્યો છે. આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે, સંઘે વ્યક્તિગત વિકાસ કરતાં રાષ્ટ્ર નિર્માણનો માર્ગ પસંદ કર્યો, અને આ માટે પસંદ કરેલી પદ્ધતિ નિયમિત, ચાલુ શાખાઓ હતી. સંઘ શાખાઓ પ્રેરણાનું મેદાન છે, જ્યાં સ્વયંસેવકની અહંકારથી સ્વ તરફની યાત્રા શરૂ થાય છે. સંઘ શાખાઓ વ્યક્તિત્વ વિકાસની બલિદાન વેદી છે. રાષ્ટ્રનિર્માણનો ઉમદા ઉદ્દેશ, વ્યક્તિગત વિકાસ માટે સ્પષ્ટ માર્ગ અને શાખા જેવી સરળ, ગતિશીલ પદ્ધતિ સંઘની સો વર્ષની યાત્રાનો પાયો રહી છે. આ સ્તંભો પર ઊભા રહીને, સંઘે લાખો સ્વયંસેવકોને ઉછેર્યા છે જે વિવિધ ક્ષેત્રોમાં દેશને આગળ ધપાવી રહ્યા છે. જ્યારથી સંઘ અસ્તિત્વમાં આવ્યો છે, ત્યારથી રાષ્ટ્રની પ્રાથમિકતા હંમેશા તેની પોતાની રહી છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન, સૌથી આદરણીય ડૉ. હેડગેવાર સહિત ઘણા કાર્યકરોએ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. ડૉક્ટર સાહેબને ઘણી વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સંઘ અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓનું રક્ષણ કરતો રહ્યો, તેમની સાથે ખભા મિલાવીને કામ કરતો રહ્યો. સ્વતંત્રતા પછી પણ, સંઘ રાષ્ટ્ર માટે અથાક મહેનત કરતો રહ્યો. આ યાત્રા દરમિયાન, સંઘ વિરુદ્ધ કાવતરાં ઘડવામાં આવ્યા, અને તેને કચડી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા. ઋષિ જેવા, સૌથી આદરણીય ગુરુજીને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા. પરંતુ સંઘના સ્વયંસેવકોએ ક્યારેય કડવાશનો માર્ગ છોડ્યો નહીં. તેઓ જાણે છે કે આપણે સમાજથી અલગ નથી; સમાજ આપણાથી બનેલો છે. સમાજ સાથે એકતા અને બંધારણીય સંસ્થાઓમાં શ્રદ્ધાએ સંઘના સ્વયંસેવકોને દરેક કટોકટીમાં અડગ અને સમાજ પ્રત્યે સંવેદનશીલ રાખ્યા છે. શરૂઆતથી જ, સંઘ દેશભક્તિ અને સેવાનો પર્યાય રહ્યો છે. જ્યારે ભાગલાના દુઃખથી લાખો પરિવારો બેઘર થઈ ગયા, ત્યારે સ્વયંસેવકોએ શરણાર્થીઓની સેવા કરી. દરેક આપત્તિમાં, સંઘના સ્વયંસેવકો, તેમના મર્યાદિત સંસાધનો સાથે, મોખરે ઉભા રહ્યા છે. આ ફક્ત રાહત ન હતી; તે રાષ્ટ્રના આત્માને મજબૂત બનાવવાનું કાર્ય હતું. વ્યક્તિગત મુશ્કેલીઓ સહન કરવી અને અન્ય લોકોના દુઃખને દૂર કરવું એ દરેક સ્વયંસેવકનું લક્ષણ છે. આજે પણ, સ્વયંસેવકો કુદરતી આફતના સમયમાં સૌથી પહેલા પહોંચનારાઓમાં સામેલ છે.

તેની ૧૦૦ વર્ષની સફરમાં, સંઘે સમાજના વિવિધ વર્ગોમાં આત્મ જાગૃતિ અને આત્મસન્માન જાગૃત કર્યું છે. સંઘે દેશના દુર્ગમ વિસ્તારોમાં પણ કામ કર્યું છે, જ્યાં પહોંચવું સૌથી મુશ્કેલ છે. દાયકાઓથી, સંઘે આદિવાસી પરંપરાઓ, રિવાજો અને આદિવાસી મૂલ્યોના સંરક્ષણ અને જાળવણીમાં ફાળો આપ્યો છે, તેની ફરજ નિભાવી છે. આજે, સેવા ભારતી, વિદ્યા ભારતી, એકલ વિદ્યાલય, વનવાસી કલ્યાણ આશ્રમ, વગેરે આદિવાસી સમુદાયો માટે સશક્તીકરણના સ્તંભ તરીકે ઉભરી આવ્યા છે. સદીઓથી સમાજમાં રહેલા દુષણો, શ્રેષ્ઠતા અને હીનતાની લાગણીઓ અને દુષ્ટ પ્રથાઓ, હિન્દુ સમાજ માટે એક મોટો પડકાર રહ્યા છે. આ એક ગંભીર ચિંતા છે જેના પર સંઘ સતત કામ કરી રહ્યું છે. ડોક્ટર સાહેબથી લઈને આજ સુધી, સંઘના દરેક મહાન વ્યક્તિત્વ, દરેક સરસંઘચાલક, ભેદભાવ અને અસ્પૃશ્યતા સામે લડ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીએ સતત "ના હિન્દુ પતિતો ભવેત" ની ભાવનાને પ્રોત્સાહન આપ્યું છે. પૂજ્ય બાળાસાહેબ દેવરસજી કહેતા હતા, "જો અસ્પૃશ્યતા પાપ નથી, તો દુનિયામાં કોઈ પાપ નથી!" સરસંઘચાલક તરીકે સેવા આપતા, પૂજ્ય રજ્જુ ભૈયાજી અને પૂજ્ય સુદર્શનજીએ પણ આ ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું. વર્તમાન સરસંઘચાલક, આદરણીય મોહન ભાગવતજીએ પણ સમાજ માટે એક કૂવો, એક મંદિર અને એક સ્મશાનગૃહ રાખવાનું સ્પષ્ટ લક્ષ્ય રાખ્યું છે.

જ્યારે ૧૦૦ વર્ષ પહેલાં સંઘ અસ્તિત્વમાં આવ્યો, ત્યારે તે સમયની જરૂરિયાતો અને સંઘર્ષો અલગ હતા. પરંતુ આજે, ૧૦૦ વર્ષ પછી, જેમ જેમ ભારત વિકાસ તરફ આગળ વધી રહ્યું છે, આજના પડકારો અને સંઘર્ષો અલગ છે. અન્ય દેશો પર આર્થિક નિર્ભરતા, આપણી એકતાને તોડવાના કાવતરાં, અને આપણી વસ્તી વિષયકતાને બદલવાના કાવતરાં - આપણી સરકાર આ પડકારોનો ઝડપથી સામનો કરી રહી છે. મને ખુશી છે કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે પણ આ પડકારોનો સામનો કરવા માટે એક નક્કર રોડમેપ વિકસાવ્યો છે. સંઘના પરિવર્તનના પાંચ સિદ્ધાંતોઃ આત્મજ્ઞાન, સામાજિક સંવાદિતા, કૌટુંબિક જ્ઞાન, નાગરિક શિષ્ટાચાર અને પર્યાવરણીય સંરક્ષણ, દેશ સામેના પડકારોને દૂર કરવા માટે દરેક સ્વયંસેવક માટે એક મહાન પ્રેરણા છે. આત્મજ્ઞાનની ભાવનાનો ઉદ્દેશ ગુલામીની માનસિકતામાંથી મુક્ત થવાનો, પોતાના વારસામાં ગૌરવ વધારવાનો અને સ્વદેશીના મૂળભૂત સંકલ્પને આગળ વધારવાનો છે. સામાજિક સંવાદિતા દ્વારા, તે વંચિતોને પ્રાથમિકતા આપીને સામાજિક ન્યાય સ્થાપિત કરવાનો સંકલ્પ લે છે. આજે, ઘૂસણખોરીને કારણે બદલાતી વસ્તી વિષયક પરિસ્થિતિથી આપણી સામાજિક સુમેળ એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરી રહી છે. આનો સામનો કરવા માટે દેશે ડેમોગ્રાફી મિશનની જાહેરાત કરી છે. આપણે કૌટુંબિક જ્ઞાન, એટલે કે કૌટુંબિક સંસ્કૃતિ અને મૂલ્યોને પણ મજબૂત કરવાની જરૂર છે. આપણે નાગરિક શિષ્ટાચાર દ્વારા દરેક નાગરિકમાં નાગરિક ફરજની ભાવના જગાડવાની જરૂર છે. આ સાથે, આપણે આપણા પર્યાવરણનું રક્ષણ કરવાની અને ભાવિ પેઢીઓના ભવિષ્યને સુરક્ષિત કરવાની જરૂર છે. આ સિદ્ધાંતો સાથે, સંઘ હવે આગામી સદીમાં તેની સફર શરૂ કરી રહ્યો છે. ૨૦૪૭માં વિકસિત ભારતમાં સંઘનું દરેક યોગદાન રાષ્ટ્રને ઊર્જા આપશે અને તેને પ્રેરણા આપશે. ફરી એકવાર, દરેક સ્વયંસેવકને શુભકામનાઓ.

# ડિજિટલ એરેસ્ટના નામે ૭૦ વર્ષીય વૃદ્ધ પાસેથી ગઠિયાએ ૩ લાખ ખંખેરી લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મણિનગર વિસ્તારમાં નિવૃત્તિ બાદ એકલવાયું જીવન વ્યતીત કરતા વૃદ્ધને અજાણ્યા નંબર પરથી કોલ આવ્યો અને તમારા વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધાયો છે તેમ કહીને વૃદ્ધને ચાર દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખવામાં આવ્યા હતા. ઠગ ટોળકીએ વૃદ્ધ પાસેથી રૂપિયા 3 લાખ પડાવી લીધા અને વધુ રૂપિયા 7 લાખની માગણી કરીને ધમકી આપવા લાગ્યા હતા. જોકે, વૃદ્ધ બાકીના રૂપિયાની વ્યવસ્થા કરવા PPF ખાતામાં રૂપિયા વિડ્રો કરવા બેંકમાં આવ્યા ત્યારે બેંક કર્મીની સતર્કતાથી વૃદ્ધ વધુ ઠગાતા બચી ગયા હતા. વૃદ્ધે સાયબર હેલ્પલાઈન અને મણિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મણિનગરના જવાહર ચોક વિસ્તારમાં રહેતા 70 વર્ષીય પ્રકાશ બાબુભાઈ પટેલ ગત 2 સપ્ટેમ્બરે સવારે ઘરે હાજર હતા ત્યારે તેમના ફોનમાં અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો કે મુંબઈ કોલાબા પોલીસ સ્ટેશનથી વાત કરું છું, તમારા પર મની લોન્ડરિંગનો ગુનો નોંધાયો છે.

# ભાવનગર રેલવે મંડળ પર "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫" અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન




પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળમાં "સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫" અભિયાન અંતર્ગત તા. ૦૧ ઓક્ટોબર ૨૦૨૫ (બુધવાર)ના રોજ પ્રભાત ફેરી તથા સ્વચ્છતા શપથનો સફળ આયોજન કરવામાં આવ્યો હતો.

આ અવસરે પ્રભાત ફેરીનો પ્રારંભ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યો. પ્રભાત ફેરી રેલવે સ્ટેડિયમ, ભાવનગર પરા થી શરૂ થઈને રેલવે કોલોની માર્ગે મંડળ કાર્યાલય પરિસરમાં પૂર્ણ થઈ. આ કાર્યક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સાથે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્મા, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં રેલકર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

"સ્વચ્છતા હી સેવા - ૨૦૨૫"ના શુભારંભ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ અધિકારીઓ તથા કર્મચારીઓને કાર્યસ્થળ, ઘર તથા આસપાસના વાતાવરણમાં સ્વચ્છતા જાળવવાની તથા અન્ય લોકોને પણ તેના માટે પ્રેરિત કરવાની શપથ અપાવી. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે સ્વચ્છતા પખવાડિયા (૦૧ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫) દરમિયાન ભાવનગર મંડળમાં દરરોજ અલગ-અલગ થીમ પર વિશેષ સ્વચ્છતા કાર્યક્રમો તથા સફાઈ અભિયાન યોજાશે.

આ અવસરે તમામ અધિકારીઓ તથા કર્મચારીઓએ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવા અને તેને જન-આંદોલનનું સ્વરૂપ આપવા સંકલ્પ લીધો.

# વડોદરા રેલ્વે મંડળમાં "સ્વચ્છતા પખવાડા – ૨૦૨૫" નો શુભારંભ

પશ્ચિમ રેલ્વેના વડોદરા મંડળમાં ૧ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન "સ્વચ્છતા પખવાડા – ૨૦૨૫"નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પખવાડિયાનો ઉદ્દેશ્ય સ્વચ્છતાને જન આંદોલનમાં પરિવર્તિત કરવાનો અને રેલ્વે પરિસર અને મુસાફરોની સુવિધાઓમાં સ્વચ્છતાને વધુ મજબૂત અને અસરકારક રીતે પ્રોત્સાહન આપવાનો છે.

આજે, ૧ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, "સ્વચ્છતા પખવાડા" ની શરૂઆત પ્રતિજ્ઞા સમારોહ અને પ્રભાત ફેરી સાથે કરવામાં આવી હતી. આ પ્રતિજ્ઞા સમારોહ વડોદરા યાર્ડ ખાતેના ચિલ્ડ્રન પાર્કમાં એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી નીરજ ધામીજાના નેતૃત્વમાં યોજાયો હતો. ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. દીપાલી તિવારી અને સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનિયર શ્રી અનિલ કુમાર સહિત આશરે ૨૦૦ સહભાગીઓએ સ્વચ્છતા જાળવવાની પ્રતિજ્ઞા લીધી અને અભિયાનને સફળ બનાવવાનો સંકલ્પ લીધો.

કાર્યક્રમના ભાગ રૂપે, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવવા માટે પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પદયાત્રા મિકેનિકલ ટ્રેનિંગ સ્કૂલથી શરૂ થઈ અને ચિલ્ડ્રન્સ પાર્ક ખાતે સમાપ્ત થઈ, જ્યાં રેલવે કર્મચારીઓ અને સ્કાઉટ-ગાઈડ્સ સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. આ પ્રસંગે, FICCI, વડોદરાના સહયોગથી ચિલ્ડ્રન્સ પાર્કમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ડૉ. દીપાલી તિવારીએ વધતા વાયુ પ્રદૂષણ પર ચિંતા વ્યક્ત કરી અને વૃક્ષારોપણને હવાની ગુણવત્તા સુધારવા માટે અસરકારક માધ્યમ ગણાવ્યું. શ્રી નીરજ ધામિજાએ માહિતી આપી કે FICCI અને પશ્ચિમ રેલવે વચ્ચે થયેલા સમજૂતી કરાર (MoU) હેઠળ, આ વર્ષે વિભાગમાં વિવિધ સ્થળોએ ૩,૦૦૦ થી ૬,૦૦૦ વૃક્ષો વાવવામાં આવશે.

આ ઉપરાંત, MTU કેમ્પસમાં મહિલા કર્મચારીઓ અને રેલવે રહેણાંક વિસ્તારોની મહિલાઓ માટે આરોગ્ય તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં મોટી સંખ્યામાં મહિલાઓએ મફત આરોગ્ય તપાસનો લાભ લીધો હતો.


આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણીય સંરક્ષણ, આરોગ્ય જાગૃતિ અને સામાજિક ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.


**પશ્ચિમ રેલ્વે**
**વડોદરા ડિવિઝન**

**શુધ્ધિપત્ર**

ટેન્ડર વિગતો ટેન્ડર નંબરઃ CPM-GSENGG-BRC-25-26-01 (ખુલ્લો ટેન્ડર) કામનું નામઃ વડોદરા વિભાગઃ વડોદરા-ગેરતપુર સેક્શન પર કિ.મી. 471/16-18 પર LC નં. 294 ના બદલે એપ્રોચ સહિત રોડ ઓવર બ્રિજ (R O B) નું બાંધકામ. સમાપ્તિ તારીખ/સમયઃ તા. 04/10/2025 15:00 વસ્તુઓ સુધારેલ ક્ષેત્રનું નામઃ ટેન્ડર સમાપ્તિ તારીખ સમય સમાપ્તિ કિંમતઃ તા. 30/09/2025 15:00 સુધારેલ કિંમતઃ તા. 04/10/2025 15:00. BRC208

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


દારૂથી આત્માનો નાશ થાય છે. દારૂની લતથી ગાંડપણ, વ્યાભિચાર, જુગાર વગેરે જેવી બદીઓનો શિકાર બનાય છે. જો આપણે કોઈને દારૂની ખરાબ લત છોડાવીએ તો તેને જેલમાંથી મુક્ત કરાવ્યા જેવું છે. માણસને દારૂની બિલકુલ જરૂર નથી. એ જગજાહેર છે. દારૂડિયો સંયમ ન રાખી શકે તેનાથી કોણ અજાણ છે? તેથી, મને આશા છે કે વિવેકથી, જોર-જુલમ કર્યા વિના, સમજપૂર્વક 'દારૂનું વ્યસન છોડાવવાનો પ્રયત્ન દરેક વ્યક્તિ કરે.'

**-મહાત્મા ગાંધી**

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૮-૧૦-૨૦૨૫ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ઘર ઘર સ્વદેશી

### સંદેશો

मुझे यह जानकर खुशी हो रही है कि गुजरात सरकार द्वारा इस वर्ष गाँधी जयंती, **२ अक्टूबर से "मद्य निषेध सप्ताह"** मनाया जा रहा है।

गुजरात की मद्य निषेध नीति महात्मा गांधी के आदर्शों और सिद्धांतो पर आधारित है। समाज को नशा-मुक्त और स्वस्थ बनाने की यह प्रतिबद्धता हमारे संविधान द्वारा निर्देशित मादक पेयों के उपयोग का प्रतिषेध करने के प्रावधान में भी स्पष्ट रुप से उल्लेखित है। यह **"मद्य निषेध सप्ताह"** हमारे समाज में नशा-मुक्ति, आत्मसंयम और सामाजिक उत्तरदायित्व के महत्व को रेखांकित करने का एक महत्वपूर्ण अवसर है, जो हमें एक स्वस्थ और समृद्ध समाज की दिशा में आगे बढ़ने के लिए प्रेरित करेगा। मैं सभी नागरिकों, विशेषकर युवाओं से आग्रह करती हूं कि वे हमेशा नशे से दूर रहें और दूसरों को भी इसके लिए प्रेरित करें, ताकि हम एक स्वास्थ्य-युक्त और नशा- मुक्त समाज का निर्माण कर सकें।

मैं गुजरात सरकार और इस अभियान से जुडे सभी लोगों को साधुवाद देती हूं तथा **"मद्य निषेध सप्ताह"** के लक्ष्यों को प्राप्त करने में सफलता की कामना करती हूं।

**श्रीमती द्रौपदी मुर्मु**
**राष्ट्रपति, भारत**

ગુજરાત સરકાર દ્વારા **૦૨-૦૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન 'નશાબંધી સપ્તાહ'** મનાવાઇ રહ્યું છે તે સ્તુત્ય પગલું છે.

મહાત્મા ગાંધીના સિદ્ધાંતોને સમર્પિત ગુજરાત રાજ્ય આરંભથી જ સંપૂર્ણ નશાબંધીની નીતિ પર ચાલતું આવ્યું છે. ગુજરાતી પ્રજાની સુખાકારી, સામાજિક સુરક્ષા અને આર્થિક સમૃદ્ધિના ફળદાયી પરિણામ પાછળ નશાબંધી એક મોટું પરિબળ છે.

ગુજરાત સરકાર દ્વારા આરંભાયેલી **નશાબંધી ઝુંબેશ** વધુ અસરકારક નીવડે એવી શુભકામના.

**નરેન્દ્રભાઈ મોદી**
**વડાપ્રધાનશ્રી, ભારત**

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રત**
**રાજ્યપાલશ્રી, ગુજરાત રાજ્ય**

સમાજમાં એક નજર કરીએ તો જોઈ શકાય છે કે સ્વ-પ્રસન્નતા માટે શરૂ કરવામાં આવેલું વ્યસન અનેક વિપરિત પરિણામોનું કારક બની રહે છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. **રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.**

ગુજરાતની સ્થાપનાથી જ રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ ઓક્ટોબરથી તા. ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે,** તેનું આયોજન અભિનંદનીય છે. ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**


વ્યસન એ સમાજ માટે એક એવી ગંભીર સમસ્યા છે, જે દેશના યુવાધન અને પરિવારોને ખૂબ મોટું નુકસાન પહોંચાડે છે. આ પડકારને પહોંચી વળવા માટે, **નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા દર વર્ષે યોજાતો નશાબંધી સપ્તાહ એક અત્યંત પ્રેરણાદાયક અને મહત્વપૂર્ણ પહેલ છે.**

મને એ જાણીને ખૂબ જ આનંદ થયો છે કે નશાબંધી સપ્તાહ દરમિયાન આપના વિભાગે સમાજમાં નશાબંધી પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે. ખાસ કરીને, **"નશામુક્ત ભારત અભિયાન"** અંતર્ગત કરવામાં આવેલા પ્રયાસો પ્રશંસનીય છે. આ પ્રકારના કાર્યક્રમોથી સમાજમાં સકારાત્મક પરિવર્તન આવશે અને યુવાનો વ્યસનમુક્તિ માટે પ્રેરિત થશે.

હું આશા રાખું છું કે આપના વિભાગના નિષ્ઠાવાન પ્રયાસોથી આપણે સૌ એક સ્વસ્થ, તંદુરસ્ત અને વ્યસનમુક્ત સમાજનું નિર્માણ કરી શકીશું.

આપની સમગ્ર ટીમની મહેનત અને સમર્પણ બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને ભવિષ્યના આવા તમામ પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ પાઠવું છું.

**હર્ષભાઈ સંઘવી**
**રાજ્યકક્ષાના ગૃહમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય**



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા
સ્વદેશીવ્રત
આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી
મહાત્મા ગાંધીજીને જન્મજયંતી
નિમિત્તે શત્ શત્ નમન
સ્વચ્છતા
અને
સ્વદેશી
અપનાવીએ
"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- શ્રી નરેન્દ્રભાઈ મોદી, વડાપ્રધાન
: ગરિમામયી ઉપસ્થિતિ :
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મજયંતીના અવસરે
સર્વધર્મ પ્રાર્થનાસભા
તારીખ : ૨ ઑક્ટોબર, ૨૦૨૫, ગુરુવાર
સમય : સવારે ૮-૦૦ વાગે
સ્થળ : કીર્તિમંદિર, પોરબંદર
ગાંધી જયંતીના પાવન અવસરે
તા.૩૧.૧૨.૨૦૨૫ સુધી
ગુજરાતમાં ઉત્પાદિત ખાદી અને
પોલીવસ્ત્રના વેચાણ પર
ખાસ વળતર અપાશે.
ખાદી ગ્રામોદ્યોગ સાથે જોડાયેલાં
પરિવારોને મળશે સતત રોજગારી
હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી